**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૩/૦૯/૨૦૧૬ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી ૫૩ લીટર દેશી દારૂ, ૨૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦ ક્વાર્ટર ઇગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૦૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૨/૧૬**

**કૃષ્ણનગરઃ** શૈલેષભાઈ ચંપકલાલ શાહ (ઉ.વ.૫૨) (રહે.અષ્ટમંગલ રેસીડન્સી શ્યામલપાર્કની બાજુમાં ભવાની ચોક મનોહરવિલા ચોકડી નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી ગજેન્દ્રસિહ ઉર્ફે ગરસિહ નાથુસિહ રાજપુત (રહે.શ્રીરામ ટેનામેન્ટ સેન્ટ મેરી સ્કૂલ પાસે નરોડા) એ અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી તા.૨/૯/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે સેન્ટ મેરી સ્કૂલ પાસે આવેલ સિધ્ધી વિનાયક રેસીડન્સીના દરવાજા નજીક રિવોલ્વર વડે ફાયરીંગ કરી શૈલેષભાઈને જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૩/૧૬**

**મણીનગરઃ** આસનદાસ તેજુમલ રામનાની (રહે.મુરલીધર એપાર્ટમેન્ટ નિરંકાર સોસાયટી ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૨/૯/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૪/૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દર્શન ઈશ્વરભાઈ ભાભા (૨) કોમલબહેન દર્શનભાઈ ભાભા અને (૩) રિન્કુભાઈ પ્રવિણભાઈ જોષી (તમામ રહે.શાન-૩ ગામડી રોડ વટવા) એ ભેગા મળી આસનદાસ પાસેથી ધંધાર્થે મણીનગર ગોપાલ ટાવર પાસે આવેલ બેન્ક ઓફ ઈન્ડીયા ખાતેથી રૂપિયા ૧,૨૫,૫૦,૦૦૦/- લઈ જઈ પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ તેજોત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૬૧૪/૧૬**

**ઈસનપુરઃ** રશ્મિ મયાશંકર દવે (રહે.શ્રીનાથ હીલ જયંતપાર્ક સોસાયટી ભાડુઆતનગર ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૯/૧૬ કલાક ૬/૦૦ થી તા.૨/૯/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન ઈસનપુર આવકાર હોલ નજીક નરનારાયણ સોસાયટી ખાતે આવેલ પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી ડી વૈશ્યક ચલાવે છે.

**રામોલઃ કલ્પેશભાઈ ગાંડાભાઈ પટેલ** (રહે.શ્રીનાથ પાર્ક સોસાયટી જોગેશ્વરીની સામે વન્ડર પોઈન્ટ અમરાઈવાડી) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૯/૧૬ રાતના ૮/૩૦ થી તા.૨/૯/૧૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ રીંગ રોડ પુષ્પ રેસીડન્સી સામે આવેલ શાશ્વત-૨ કોમ્પલેક્ષમાં આવેલ જયવિર ઈલેક્ટ્રોનિક્સ નામની પોતાની દુકાનના દરવાજાનુ શટર ઉંચુ કરી કાચ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી સેમસંગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૨, ઈલેક્ટ્રોનિક ચીજ-વસ્તુ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એન લાઠીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૫/૧૬**

**નરોડાઃ** દેવીબહેન ગુરૂદાસ લાલવાણી (રહે.વ્રજ રેસીડન્સી નિલકંઠ ફ્લેટ સામે નરોડા) એ તા.૨/૮/૧૬ નારોજ નરોડા નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દેવીબહેન તા.૩૧/૮/૧૬ કલાક ૧૨/૧૫ વાગે દહેગામ રોડ અંબિકા બેકરી નજીકથી શટલ ઓટોરિક્ષામાં બેસી નિલકંઠ રેસીડન્સી નજીક રિક્ષામાંથી ઉતર્યા હતા, મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેઠેલ બે પુરૂષ અને એક સ્ત્રીએ રિક્ષા ચાલકની મદદગારીથી દેવીબહેનની નજર ચુકવી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૨,૫૦૦/- અને અન્ય મહીલાના હાથમાં પહેરેલ સોનાની બંગડી ૩૧,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૬/૧૬**

**જીઆઈડીસી વટવાઃ શત્રુધનસિંગ સુવાસસિંગ ચૌહાણ** (ઉ.વ.૩૮) (રહે.ક્રિષ્ણાપાર્ક રો હાઉસ યશ બંગલોઝ સામે ઘોડાસર) તા.૨/૯/૧૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફૈઝ-૪માં આવેલ એસ.એમ.એન્ટર પ્રાઈઝ નામની કંપનીમાં રોલીંગ ઓપરેટર તરીકે મશીન ઉપર કામ કરતા હતા ત્યારે મશીનમાંથી અચાનક પતરાનો ટુકડો તુટી શત્રુધનસિંગ ચૌહાણને છાતીના ભાગે વાગતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે બાપુનગર જનરલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ધાસુરા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)